# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ(ટેકનીકલ )

એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર ઈજનેરી સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ૨૦૨૨-૨૩)

**ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી ની ઓનલાઈન પ્રવેશ પક્રિયા ના રાઉન્ડ -૨ ની પ્રવેશ કાર્યવાહી તા.** ૦૪.૧૦.૨૦૨૨ ના રોજ પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. ટેકનીકલ શિક્ષણ સંચનાલયના તાબા હેઠળની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની **સ્વનિર્ભર ઈજનેરી સંસ્થાઓ ખાતે રાઉન્ડ -૨ની પ્રવેશ કાર્યવાહી બાદ ની નોન એલોટમેન્ટ , નોન રીપોર્ટીંગ અને પ્રવેશ રદ કરાવવાના કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ છે.** સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં પ્રવર્તમાન જાહેરનામાં મુજબ ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ **http://jacpcldce.ac.in/d2d** ઉપર મુકવામા આવેલ છે

પ્રવેશ લાયકાત :

**(૧) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર ખાલી રહેલી બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૨૨ નો મેરીટ નંબર ક્રમાંક ધરાવતા હોય,**

(૨) **AICTE** ને રાજ્ય સરકારશ્રીના નિયમો અનુસાર લઘુતમ પ્રવેશ લાયકાત ધરાવતા અને વર્ષ ૨૦૨૨ ના યુનિવર્સીટીના મોડા પરિણામ જાહેર થવાને લીધે રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય,

(૩) **AICTE** ને રાજ્ય સરકારશ્રીના નિયમો અનુસાર લઘુતમ પ્રવેશ લાયકાત ધરાવતા અને ગુજરાત રાજ્ય કે અન્ય રાજ્યમાંથી વર્ષ ૨૦૨૨ કે તેના અગાઉ ના વર્ષોમાં ડીપ્લોમાં પાસ કરેલ હોય

(૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સીટીમાંથી D.Voc. Stream માંથી ડીપ્લોમાં ધરાવતા હોય તેવા ઉમેદવારો

(૫) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સીટીમાંથી **B.SC**ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો.૧૨(વી.પ્ર)ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉતીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો

**(૬) AICTE ને રાજ્ય સરકારશ્રીના નિયમો અનુસાર લઘુતમ પ્રવેશ લાયકાત ધરાવતા અને અન્ય રાજ્યમાંથી વર્ષ ૨૦૨૨ કે તેના અગાઉ ના વર્ષોમાં ડીપ્લોમાં પાસ કરેલ હોય તેવા ઉમેદવારો**

પ્રવેશ કાર્યક્રમ :

| **Sr. No.** | **Activities** | **Date** |
|---|---|---|
| 1 | SFI Vacant Seat information on ACPC Website | 04.10.2022 |
| 2 | Vacant Seat Information on Institute Website | 04.10.2022 |
| 3 | Vacant Seat Admission : SFI<br>• Application Form Distribution<br>• Merit List Declaration on Institute Website<br>• Admission Counselling at Institute level | 04.10.2022 to 27.10.2022 |

ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી **તા. 04.10.2022 થી તા. 27.10.2022** દરમિયાન જે તે સંસ્થાસ્તરે યોજાશે. ઉમેદવારે (૧) જે-તે સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે સંસ્થા દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ જે તે સંસ્થા ખાતે નિયત ફી રૂ. ૩૦૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થાખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ થતા ઉમેદવારને ફી રીફંડ', સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

**સંસ્થાઓ ની ખાલી રહેલી બેઠકો, ફી તેમજ અન્ય જરૂરી માહિતી સમિતિ ની વેબસાઈટ http://jacpcldce.ac.in/d2d ઉપર ઉપલબ્ધ છે.** પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે.ઉમેદવારે કોઇપણ અસલ પ્રમાણપત્રો સંસ્થા ખાતે જમા કરાવવા ના રહેશે નહિ. પ્રવેશ મળશે જ તેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ વિગત તેમજ Latest Updates માટે સમિતિની વેબસાઈટ **http://jacpcldce.ac.in/d2d** વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. 04.10.2022** **- મેમ્બર સેક્રેટરી**

**Help Line Number : 079-26566000 (24 × 7)**